# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ પુતિન સાથે વાત કરી

08 ઑગસ્ટ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે રશિયન ફેડરેશનના પ્રમુખ મહામહિમ શ્રી વ્લાદિમીર પુતિન સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી.

રાષ્ટ્રપતિ પુતિને યુક્રેન સંબંધિત તાજેતરના ઘટનાક્રમો વિશે પ્રધાનમંત્રીને માહિતી આપી.

રાષ્ટ્રપતિ પુતિનના વિગતવાર મૂલ્યાંકન બદલ આભાર માનતાં, પ્રધાનમંત્રીએ સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતના સતત વલણનો પુનરોચ્ચાર કર્યો.

બંને નેતાઓએ દ્વિપક્ષીય કાર્યસૂચિમાં પ્રગતિની પણ સમીક્ષા કરી, અને ભારત અને રશિયા વચ્ચે ખાસ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી.

પ્રધાનમંત્રીએ આ વર્ષના અંતમાં 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે રાષ્ટ્રપતિ પુતિનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું.

નવી દિલ્લી

08 ઑગસ્ટ, 2025